એન.એસ.યુ.આઈ.એ સરકારી વિજ્ઞાન કોલેજ, સે. ૧૫માં પ્રથમ વર્ષ બી.એસ.સી.ની સીટો વધારવા કરેલી રજૂઆત

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગરની સરકારી વિજ્ઞાન કોલેજ, સેક્ટર-૧૫માં પ્રથમ વર્ષ બી.એસ.સી.માં પ્રવેશપાત્ર ઉમેદવારોના ૨૬૦૦ જેટલા ફોર્મ જમા થયા છે. કોલેજમાં માત્ર ૬૦૦ વિદ્યાર્થીઓને જ પ્રવેશ અપાયો છે. એન.એસ.યુ.આઈ.એ પ્રવેશ વંચિત ૨૦૦૦ વિદ્યાર્થીઓના ભાવિ સામે પ્રશ્નાર્થ કરી વધુ ઉમેદવારોને પ્રવેશ આપવા રજૂઆત કરી છે અને પ્રવેશ અપાશે નહીં તો ગાંધી ચિંધ્યા માર્ગે જવાની ચીમકી પણ ઉચ્ચારી છે.

એન.એસ.યુ.આઈ.ના પ્રદેશ મંત્રી વિરેન્દ્રસિંહ વાઘેલા અને પૂર્વ શહેર પ્રમુખ વિરેન્દ્રસિંહ ઝાલાએ સરકારી વિજ્ઞાન કોલેજ, સેક્ટર-૧૫માં બી.એસ.સી. પ્રથમ વર્ષમાં ૬૦૦ વિદ્યાર્થીઓને જ પ્રવેશ અપાયો હોવાથી વિરોધ નોંધાવ્યો છે. દર વર્ષે ૧૦૦૦ થી વધુ વિદ્યાર્થીઓને પ્રવેશ અપાતો હતો. આ વર્ષે ૬૦૦ વિદ્યાર્થીઓને પ્રવેશ આપેલ હોઈ બાકી ૨૦૦૦ જેટલા વિદ્યાર્થીઓનું ભાવિ જોખમમાં મુકાયું છે. એન.એસ.યુ.આઈ.એ પ્રવેશ પાત્ર ઉમેદવારોની સીટો વધારવા રજૂઆત કરી છે અને આવેદન પત્ર આપ્યું છે. યુથ કોંગ્રેસના ગુજરાત પ્રદેશના પૂર્વ પ્રમુખ અને સિન્ડીકેટ સભ્ય ગુજરાત યુનિ. ડૉ. ઈન્દ્રવિજયસિંહ ગોહિલે આ બાબતને દુઃખદ ગણાવી છે. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ગાંધીનગર જિલ્લા એન.એસ.યુ.આઈ.ના મહામંત્રી નયન શ્રીમાળી અને સ્વપ્નીલ ચૌધરીએ કર્યું હતુ. રાજદીપસિંહ ગોલ, દિવ્યરાજસિંહ વાઘેલા, જયદીપસિંહ ચાવડા, અંકિત પટેલ, મયૂર ભટ્ટ તથા પ્રવેશ વંચિત વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા સન્ડે સાયન્સ સ્કૂલ કાર્યક્રમનો પ્રારંભ

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા સન્ડે સાયન્સ સ્કૂલ કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો છે. રવિવારે યોજાતા આ કાર્યક્રમમાં ગાંધીનગર અને તેની આસપાસના અનેક વિદ્યાર્થીઓ ભાગ લેવા આવે છે. અને વિજ્ઞાનલક્ષી કાર્યક્રમોમાં જોડાય છે.

દર રવિવારે યોજાતા સન્ડે સાયન્સ સ્કૂલ કાર્યક્રમમાં ધોરણ-પના વિદ્યાર્થીઓ માટે બપોરે ૨ થી ૩, ધો. ૬ના વિદ્યાર્થીઓ માટે ૩ થી ૪, ધો. ૭ના વિદ્યાર્થીઓ માટે ૪ થી ૫, ધો. ૮ના વિદ્યાર્થીઓ માટે સવારે ૯ થી ૧૦, ધો. ૯ના વિદ્યાર્થીઓ માટે સવારે ૧૦ થી ૧૧ અને ધો. ૧૦ના વિદ્યાર્થીઓ માટે ૧૧ થી ૧૨ કલાક દરમિયાન વિજ્ઞાન વિષયક પ્રયોગો બતાવવામાં આવશે. આ કાર્યક્રમમાં જોડાવા માગતા વિદ્યાર્થીઓએ નિસર્ગ સાયન્સ સેન્ટર, ૬૧/૧, સેક્ટર-૨૩, અથવા હાર્દિકભાઈનો મો. નં. ૯૪૨૬૪ ૫૧૧૦૨, ૯૮૨૪૨ ૬૦૬૭૭ વપર સંપર્ક કરવા જણાવ્યું છે.

આજે ગેસની ફરિયાદ માટેનો લોક દરબાર યોજાશે

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર વિભાગીય ગ્રાહક દિન સુરક્ષા સમિતિ દ્વારા તા.૨૨મી જૂનના રોજ સવારે ૧૦ કલાકે વિશ્રામગૃહ ખાતે લોક દરબારનું આયોજન કરેલ છે. જેમાં ગાંધીનગરમાં ગેસના વધુ બીલો આપવામાં આવે છે. તેની ફરિયાદો નોંધાયેલી છે. જેના લોક દરબારનું આયોજન ગોઠવેલ છે. સંબંધિત નાગરિકોએ મોટી સંખ્યામાં હાજર રહેવા જણાવેલ છે.

સ્વ. નિલમબેન કામદારની પ્રથમ માસિક પુણ્યતિથિએ ભજન પ્રાર્થના

ગાંધીનગર, તા. ૨૧

અખિલ ભારતીય સામાજિક સ્વાસ્થ્ય સંઘ ગાંધીનગર શાખા અને જ્યોતિ મહિલા મંડળના સહયોગથી સ્વ. શ્રીમતી નીલમબેન કામદારની પ્રથમ માસિક પુણ્યતિથિ એ સામુહિક પ્રાર્થના, કૃષ્ણ ભજનો મુક્તિધામ ખાતે તા. ૨૪મી જૂને બપોરે ૨.૩૦ કલાકે રાખેલ છે. ઉત્તરાખંડ ચારધામની યાત્રામાં યાત્રિકો મૃત્યુ પામેલ છે તેમને શ્રદ્ધાંજલિ આપવામાં આવશે.

જી.ઈ.બી. ખાતે ઝુંપડાવાસીઓની એન. સી. પી. મીટીંગ યોજાશે

નેશનલ કોંગ્રેસ પાર્ટી ગાંધીનગર જિલ્લો (શરદ પવાર) દ્વારા સાંજે ૪ થી ૬ કલાકા દરમ્યાન જી.ઈ.બી. કોલોની ગાંધીનગર ખાતે ઝુંપડાવાસીઓની મીટીંગ રાખેલ છે. જેમાં એન.સી.પી. ગાંધીનગર જિલ્લાના પ્રમુખ ચતુરજી ઠાકોર ઉપસ્થિત રહેનાર છે.

યુવાશક્તિને મોદીના હસ્તે ૨૪મી જૂને રોજગારીપત્રો

પ્રથમ અને બીજા તબક્કામાં આશરે ૧.૦૬ લાખ યુવાનોને રોજગારી-એપ્રેન્ટીસશીપમાં નિમણુંકો આપવામાં આવી

ગાંધીનગર, તા.૨૧

રાજ્ય સરકાર સ્વામી વિવેકાનંદની ૧૫૦મી જન્મજયંતિ યુવા શક્તિ વર્ષ તરીકે ઉજવી રહી છે. રાજ્યના જે યુવાનો ખાનગી ક્ષેત્રે સ્વામી વિવેકાનંદ રોજગાર ભરતી મેળા અન્વયે રોજગારી માટે પસંદ થાય છે તેમને નિમણુંકપત્રો આગામી તા. ૨૪મી જૂન, ૨૦૧૩ને સોમવારના રોજ સવારે ૧૧:૦૦ કલાકે મહાત્મા મંદિર, ગાંધીનગર ખાતે મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીના વરદહસ્તે નિમણુંકપત્રો એનાયત કરવામાં આવનાર છે, એમ શ્રમ અને રોજગાર વિભાગના સચિવ પી. પનીરવેલ દ્વારા જણાવાયું છે. આ પ્રસંગે સામાજિક ન્યાય અધિકારીતા મંત્રી રમણલાલ વોરા, શ્રમ અને રોજગાર મંત્રી સૌરભ પટેલ, કાયદા રાજ્ય મંત્રી પ્રદીપસિંહ જાડેજા, ગૃહરાજ્ય મંત્રી રજનીકાંત પટેલ પણ ખાસ ઉપસ્થિત રહેનાર છે.

અત્રે ઉલ્લેખનીય છે કે સ્વામી વિવેકાનંદ ઔદ્યોગિક ભરતી મેળાઓની ઝુંબેશના પ્રથમ તબક્કામાં ૬૫,૦૦૦ તેમજ બીજા તબક્કામાં ૪૧,૦૦૦ એમ કુલ મળી ૧.૦૬ લાખ યુવાનોને રોજગારી-એપ્રેન્ટીસશીપની નિમણુંકો આપવામાં આવી છે. હવે ત્રીજા તબક્કાની ઝુંબેશમાં વધુ ૪૩,૦૦૦ યુવાનોને રોજગારી આપવામાં આવશે.

ભારત સરકારના શ્રમ અને રોજગાર મંત્રાલય દ્વારા પ્રસિદ્ધ થતા અહેવાલો મુજબ સમગ્ર રાષ્ટ્રમાં રોજગાર ક્ચેરીઓ મારફતે રોજગારી પૂરી પાડવામાં વર્ષ ૨૦૦૨થી ગુજરાત પ્રથમક્રમે રહ્યું છે તે જ રીતે અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિઓના પ્લેસમેન્ટમાં પણ વર્ષ ૨૦૦૩થી ગુજરાત પ્રથમ ક્રમાંકે રહ્યું છે. રોજગાર ક્ચેરીઓમાં મહિલાઓની નોંધણીના સંદર્ભે પ્લેસમેન્ટની ટકાવારી ગણતા ગુજરાત સમગ્ર રાષ્ટ્રમાં વર્ષ ૨૦૦૪થી પ્રથમ ક્રમે રહ્યું છે. જ્યારે ભારત સરકરાના લેબર બ્યુરો, ચંડીગઢના રીપોર્ટ મુજબ સમગ્ર રાષ્ટ્રના ૩.૮ ટકાનો બેરોજગારીના દર સામે ગુજરાતમાં બેરોજગારીનો દર સૌથી ઓછો એક ટકો જેટલો રહ્યો હોવાનું વધુમાં જણાવાયું છે.

જીવરાજ પાર્ક પાસે એક દિવાલ ધરાશાયી થતા વાહનો ફસાઈ ગયા હતા.

રાજ્યમાં દક્ષિણ ગુજરાતમાં વરસાદ : કામરેજ ૭૨ મીમી

અમદાવાદ, તા.૨૧

રાજ્યમાં આજે દક્ષિણ ગુજરાતમાં વરસાદ પડ્યો હતો. જ્યારે બાકીના વિસ્તારોમાં અસહ્ય ઉકળાટ અને ગરમીથી નાગરીકો ત્રાહીમામ પોકારી ઉઠ્યા છે.

રાજ્યના દક્ષિણ ગુજરાતના સુરત, નવસારી અને વલસાડ જિલ્લામાં વરસાદ વરસ્યો છે રાજ્યના ઈમરજન્સી ઓપરેશન સેન્ટર દ્વારા મળતા અહેવાલો અનુસાર સુરત જિલ્લાના કામરેજમાં ૭૨ મીમી, ઓલપાડમાં ૧૯ મીમી અને પલસાણામાં ૨૬ મીમી, નવસારી જિલ્લાના ગણદેવીમાં ૨૫ મીમી અને નવસારીમાં ૩૨ મીમી, વલસાડ જિલ્લાના ધરમપુરમાં ૧૮ મીમી, પારડીમાં ૪૪ મીમી, ઉમરગામમાં ૧૬ મીમી અને વલસાડમાં ૧૪ મીમી વરસાદ વરસ્યો છે જ્યારે જુનાગઢ જિલ્લાના ભેંસાણમાં ૨૩ મીમી વરસાદ નોંધાયો છે. હવામાન વિભાગની આગાહી છે કે આવતીકાલે અમદાવાદમાં આકાશ વાદળછાયુ રહેશે. જ્યારે સમગ્ર રાજ્ય અને દિવ, દમણ, દાદરા-નગર-હવેલીમાં એકાદ-બે સ્થળોએ વરસાદના હળવાથી મધ્યમ ઝાપટા પડવાની શક્યતા છે. અમદાવાદમાં આજે મહત્તમ તાપમાન ૩૬.૮ ડિગ્રી અને લઘુત્તમ તાપમાન ૨૭.૨ ડિગ્રી નોંધાયું હતું. હવામાં ભેજનું પ્રમાણ સવારે ૮:૩૦ વાગે ૮૦ ટકા અને સાંજે ૫:૩૦ વાગે ૪૬ ટકા નોંધાયું હતું.

સૌરાષ્ટ્રમાં મેઘરાજાની મહેરથી ખેડૂતોએ પૂરજોશમાં વાવણીકાર્ય આરંભ્યું

ગાંધીનગર, તા. ૨૧

ચોમાસાના પ્રારંભે જ સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં મેઘરાજાએ ધમાકેદાર એન્ટ્રી કર્યા બાદ મેઘરાજાએ વિરામ લેતા સમગ્ર રાજ્યમાં ઉઘાડ નીકળવા સાથે ગરમીનો ચમકારો લોકોને જોવા મળ્યો છે.

રાજ્યના મોટાભાગના તાલુકાઓમાં મેઘરાજાએ પધરામણી કરી હતી તેમાં પણ સૌરાષ્ટ્ર અને દક્ષીણ ગુજરાતના મોટાભાગના તાલુકામાં પ્રથમ રાઉન્ડમાં જ મેઘરાજાએ ધમાકેદાર એન્ટ્રી કરતા સૌરાષ્ટ્રમાં પીવાના પાણીની સમસ્યા હલ થવા પામી છે. એટલું જ નહી સૌરાષ્ટ્રના મોટાભાગના વિસ્તારોમાં તો વાવણીકાર્ય પણ શરૂ થઈ જવા પામ્યું છે.

સૌરાષ્ટ્રના જામનગર, જૂનાગઢ, પોરબંદર, રાજકોટ, અમરેલી જિલ્લાઓમાં તો સરેરાશ વરસાદ સામે અંદાજે ૩૦ ટકાથી ૫૦ ટકાની વચ્ચે વરસાદ થઈ જવા પામ્યો છે. મેઘરાજાની ધમાકેદાર એન્ટ્રીના કારણે સૌરાષ્ટ્રના કેટલાક નાના ડેમો અને ચેકડેમો તો ઓવરફ્લો થવા પામ્યા હતા. તો કેટલાક મોટા ડેમોમાં નવા પાણીની આવક થતાં સમગ્ર સૌરાષ્ટ્રમાં પીવાના પાણીની અને અર્ધઅછતની પરિસ્થિતિ હલ થઈ જવા પામી છે.

સૌરાષ્ટ્ર ઉપરાંત દક્ષિણ ગુજરાતના પણ મોટાભાગના વિસ્તારોમાં મેઘરાજાએ મન મુકીને પધરામણી કરતાં દક્ષિણ ગુજરાતમાં પણ ખેડૂતોએ વાવણીકાર્ય શરૂ કરી દીધુ છે. આ વખતે સમગ્ર રાજ્યમાં ચોમાસાના પ્રારંભે જ સાર્વત્રીક અને વાવણીલાયક વરસાદ થતાં આ વર્ષે રાજ્યમાં વાવેતર વિસ્તાર વધવા સાથે વાવેતર ગત વર્ષ કરતાં વધુ થાય તેવી શક્યતાઓ સેવાઈ રહી છે.

બીજા રાઉન્ડમાં પણ જો સમયસર અને સારો વરસાદ થાય તો આ વખતે ખેડૂતોએ પાક બદલવો નહી પડે અને રાબેતા મુજબ થતી ખેતી પ્રમાણે જ પાકો વાવી શકશે.

યુવાનો માટે પર્યાવરણ બાળ શિબિર સંચાલનની તક

ગાંધીનગર, તા. ૨૧

વન વિભાગ દર વર્ષે ગાંધીનગર ખાતે શાળાના બાળકો માટે પર્યાવરણ પ્રકૃતિ શિક્ષણ શિબિરનું આયોજન કરે છે. શિબિરોના ત્રણ દિવસના કાર્યક્રમોના સંચાલન માટે યુવાનોને રૂબરૂ સંપર્ક કરવા જણાવાયું છે.

શિબિરોના ત્રણ દિવસના કાર્યક્રમોનું સંચાલન માટે પર્યાવરણ પ્રેમી યુવાનોને બાળકો સાથે કામ કરીને પર્યાવરણ જાગૃતિ માટેની તક મળી રહે તે માટે નાયબ વન સંરક્ષક, વન્યજીવ તાલીમ વિભાગ વન સંસોધન સંકુલ, બોરીજ જૈન મંદિર પાસે, અક્ષરધામ સામે, ગાંધીનગર ખાતે રૂબરૂ સંપર્ક કરવા અથવા ફોન નં. ૨૩૨-૫૬૬૦૭ પર દિન ૭માં નામ નોંધાવવા જણાવાયું છે. આ માટે વન વિભાગ દ્વારા પ્રકૃતિ શિબિર સંચાલનની ખાસ તાલીમ અને માનદ વેતન પણ આપવાની જાહેરાત કરી છે.

તાલુકા અને મહાનગર ભાજપ દ્વારા રક્તદાન કેમ્પ યોજાશે

ગાંધીનગર, તા. ૨૧

ભારતીય જનતા પાર્ટી દ્વારા ડૉ. શ્યામપ્રસાદ મુખર્જીના દિન તા. ૨૩ જૂનના રોજ યુવા મોરચા તથા ભારતીય જનતા પાર્ટી ગાંધીનગર તાલુકા મંડલ, તેમજ મહાનગરપાલિકા ભાજપ દ્વારા આગામી તારીખ ૨૩ જૂન-૨૦૧૩ના રોજ રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે.

ભારતીય જનતા પાર્ટી પ્રદેશ કાર્યાલય તરફથી આપવામાં આવેલ સુચના અનુસાર ડૉ. શ્યામપ્રસાદ મુખર્જીના શહિદ દિન નિમિત્તે ભારતીય જનતા યુવા મોરચો તથા ભારતીય જનતા પાર્ટી, ગાંધીનગર તાલુકા મંડલ દ્વારા રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવેલ છે. આ રક્તદાન શિબિર દરકેશ રેસીડેન્સી, વાવોલા, ગાંધીનગર ખાતે સવારે ૧૦થી ૧ કલાક સુધી તેમજ મહાનગર ગાંધીનગરનો કાર્યક્રમ કમલમ ભાજપ કાર્યાલય સેક્ટર-૨૧ ગાંધીનગર ખાતે રાખવામાં આવેલ છે. સમાજ સેવાના આવા ભગીરથ કાર્યમાં સૌ કાર્યકરો સહભાગી બની ધન્યતા અનુભવી સફળ બનાવવા અપીલ કરવામાં આવી છે. આ સાથે તાલુકા મંડલના વાવોલ ખાતેના કાર્યક્રમમાં રૂદ્રાક્ષ હોસ્પિટલ, નરોડા દ્વારા રક્તદાન શિબિરની સાથે સર્વરોગ નિદાન કેમ્પનું પણ આયોજન કરવામાં આવેલ છે. જેમાં દર્દીને વિના મુલ્યે ડાયાબીટીસ, બ્લડપ્રેશર, ઈ.સી.જી., બી.એમ.આઈ. તથા નિષ્ણાંત ડોક્ટર દ્વારા નિદાન કરવામાં આવશે. તેમ ભારતીય જનતા પાર્ટી ગાંધીનગર તાલુકાના પ્રમુખ શૈલેષભાઈ પટેલ દ્વારા જણાવવામાં આવ્યું હતું.

શ્રી લિમ્બચ માતાજી મંદિરે પૂનમની આરતી યોજાશે

પ્રેરણા પ્રગતિ મંડળ, ગાંધીનગરના ટ્રસ્ટી ભરતભાઈ સૂર્યાવાલાએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે, આવતીકાલે તા. ૨૩મી જૂન-૨૦૧૩ને રવિવારે પૂનમ હોવાથી શ્રી લિમ્બચ માતાજીના મંદિરે સાંજે ૬.૪૫ કલાકે આરતી યોજાશે. વાવોલના પ્રવીણભાઈ નાયી અને પેથાપુરના પ્રેમીલાબેન વાળંદ તરફથી પ્રસાદી ધરાવવામાં આવશે.

શબ્દાવલી - ૫૦૯૬



આડી ચાવી

૧. ઉપજાવી કાઢેલું (૬)
૬. કરંટ, વીજળીનો ... લાગ્યો (૨)
૭. અડદના-ચોખાના... થાય (૩)
૯. બસમાં... વગર મુસાફરી ના કરાય (૩)
૧૧. નિયમિત... થી શરીર તંદુરસ્ત રહે (૪)
૧૨. વટાણાને અંગ્રેજીમાં કહેવાય (૩)
૧૩. પતિ, ધણી (૨)
૧૪. પર્સ (૩)
૧૫. આવક (૪)
૧૮. મંત્રપાઠ (૨)
૨૦. ઉજજડ (૩)
૨૨. તરણુ, તિનકા (૪)
૨૩. ચાંદામામા, ચંદ્ર (૨)

ઊભી ચાવી

૧. પરીક્ષા (૩)
૨. પોટલી (૩)
૩. કાચના... અને રકાબી (૨)
૪. શોધ (૩)
૫. જડેલું..., નડેલુ, નડતર (૪)
૮. બેબશ, મજબૂર (૪)
૧૦. એક જાતનાં ગાંઠીયા (૪)
૧૧. કાપવાનું એક ઓજાર (૪)
૧૪. એક સુગંધી ફૂલ (૪)
૧૬. ગેલેરી (૩)
૧૭. જીદ્દ, ખોટી રઢ (૨)
૧૯. પ્રતિજ્ઞા (૨)
૨૧. ખરાબ, જબર (૨)

શબ્દાવલી ૫૦૯૫ના જવાબ

આડી ચાવી :- (૧) અધિરાઈ (૪) સવાયા (૭) પકતુ (૮) વાંકડીયા (૯) જતુ (૧૦) આકળ (૧૧) અવગુ (૧૨) આર (૧૩) વાળ (૧૪) નોકર (૧૬) ગાજવીજ (૧૮) લપાટ (૨૦) તમા (૨૧) બરફી (૨૨) બહેરૂ

ઊભી ચાવી :- (૧) અપજશ (૨) ધિકતુ (૩) રાતુ (૪) સકળ (૫) વાડી (૬) યાયાવર (૮) વાંકગુનો (૧૦) આળ (૧૧) અળવીતરૂ (૧૩) વાજ (૧૫) કલબલ (૧૬) ગાયબ (૧૭) જમા (૧૯) ટફીર

બેંક ઓફ બરોડા એમ્પ્લોઈ કોન્ક્લેવ ૨૦૧૩-૧૪ યોજાઈ

ગાંધીનગર, તા.૨૧

બેંક ઓફ બરોડા નોર્થ ગુજરાતના ઝોનના ઉપક્રમે અમદાવાદના શેઠ મંગળદાસ ટાઉનહોલમાં તાજેતરમાં ઝોનલ મેનેજર શ્રી યુ.કે. બીજાપુરના અધ્યક્ષસ્થાને 'એમ્પ્લોઈઝ કોન્ક્લેવ'નું આયોજન કરવામાં આવ્યું. કાર્યક્રમની શરૂઆત એ.જી.એમ. (ડી.આર.એમ.) શ્રી પી.જે. ભાલીયાના સ્વાગત પ્રવચનથી થઈ. ગ્રાહક સેવાની ગુણવત્તાનું સ્તર વધારે ઉત્કૃષ્ઠ બનાવવાનું આહવાન અમદાવાદ સીટી રીજીયનના નવ આયુકત ડી.જી. એમ. શ્રી ચૌહાણ સાહેબે ઉપસ્થિત સર્વે સ્ટાફને આપ્યું અને તેમાં શાખા મેનેજરની ભૂમિકા સર્વેને દોરવણી રૂપે રહે તેવી અભિવ્યકિત દર્શાવી.

કોન્ક્લેવ દરમિયાન રીજીયનની વિવિધ શાખાઓના ઉત્કૃષ્ઠ પ્રદાન બદલ મેનેજરશ્રીઓને નવાજવામાં આવ્યા. તેમાં નગરની વિધાનસભા, ઈન્ફોસીટી, ગેઝીયા અને સેકટર-૨૧ શાખાના મેનેજરશ્રીઓ શ્રી તરૂણ રાવલ, શ્રી વાળા, શ્રી રાઉલજી તેમજ શ્રી યશેષ વૈષ્ણવને પણ બચત ખાતા, ફીકસ ખાતા, હાઉસીંગ લોન, કરંટ ખાતા તેમજ ૩૦ ટકા એબસોલ્યુટ ગ્રોથ જેવા ધંધાકીય કાર્યક્ષેત્રમાં શાખાના વિશિષ્ટ પ્રદાન રૂપે ઈનામ અને સર્ટીફીકેટથી સન્માનિત કરવામાં આવ્યા. કોન્ક્લેવમાં વિધાનસભા શાખાને ૪, ઈન્ફોસીટી શાખાને ૪, ગેઝીયા શાખાને ૩ અને સે-૨૧ શાખાને ૧ ઈનામ પ્રદાન થયું. નગરની શાખાઓના મેનેજરશ્રીઓએ તેમના સ્ટાફના પ્રદાન અંગે આભાર વ્યકત કર્યો હતો.

ગાંધીનગર પહોંચશે

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

ધાબળા લઈને જવાના છે. ઉલ્લેખનીય છે કે હજુ ઘણા યાત્રીકોનો તેમના પરિવારજનો સંપર્ક કરવા મથી રહ્યા છે પરંતુ સંપર્ક થઈ શકતો નથી. નોંધવું રહેશે કે આવતીકાલે બપોરે ત્રણેક વાગ્યે જય અંબે પરિવારના ૨૬ સભ્યો પરિવારના જ સભ્ય જેવા ધીરૂભાઈ પટેલને ખોયાના દુઃખ અને હેમખેમ ઘરે પહોંચ્યાનો હર્ષ સાથે ટ્રેનમાં ગાંધીનગર આવી પહોંચશે.

લોખંડ ચોરી

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

હર્ષદભાઈ મણીલાલ પટેલની આલમપુર ગામની સીમમાં ઈકો ગ્રીન નામની ફેક્ટરી આવેલી છે. તેમાંથી ૬૦૦ એમ.એમ.ની લોખંડની ગડર (પાટ) અઠવાડિયા પહેલા ફેક્ટરીમાંથી ચોરાઈ ગઈ હતી. ૭ હજારની કિંમતની લોખંડની ગડર ચોરી જનાર વ્યક્તિ ફેક્ટરીનો જ સિક્યુરીટી ગાર્ડ હોવાનું બહાર આવ્યું છે. હર્ષદભાઈની ફરીયાદને આધારે ચિલોડા પોલીસે સિક્યુરીટી ગાર્ડ લાલસિંહ અમરસિંહ ઠાકોર વિરૂદ્ધ ગુનો દાખલ કરીને તેની ધરપકડ કરી પુછપરછ શરૂ કરી છે.

પાણીની ગુણવત્તા

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

પાણીના સ્તર નીચે જતા અપાતા બોરના પાણીની ગુણવત્તા સામે પ્રશ્નાર્થો વધુ જોવા મળી રહ્યા છે. આ ઉપરાંત નર્મદાનું પાણી જે આપવામાં આવે છે તેમાં પણ ફિલ્ટર પ્લાન્ટની ક્ષમતા ઓછી પડી રહી છે.

મળતી વિગતો પ્રમાણે ગાંધીનગર શહેરના મીના બજાર વિસ્તારમાંથી તંત્ર દ્વારા પાણીના નમુના મેળવી તેનું બેકટોરીયલ પરીક્ષણ માટે મોકલવામાં આવ્યા છે તેમજ તેની ગુણવત્તાનું પણ પરીક્ષણ કરવામાં આવનાર છે.

જિલ્લો આમેય ઓવર એકસ્પ્લોટેડ કેટેગરીમાં આવે છે અને દર વર્ષે ૨ થી ૩ મીટર પાણીના સ્તર ઊંડા જઈ રહ્યા છે. સાબરમતી નદીના પાણીથી જે થોડું ઘણું રિચાર્જ થાય છે તેના સિવાય રિચાર્જીંગ માટે જળપ્રવરણ કુવાઓ જ વિકલ્પ છે.

ગાંધીનગર શહેરમાં પેય જળની ગુણવત્તા સામેના અહેવાલો આમ તો વારંવાર અખબારોમાં પ્રગટ થઈ રહ્યા છે. જો કે છેલ્લા ઘણા સમયથી આ સ્થિતિ પ્રવર્તી રહી છે અને તંત્ર વાહકોએ પણ હવે નવા વિકલ્પોની વિચારણા વેગીલી બનાવી છે.

તંત્રના અંતરંગ સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે પેય જળનો બગાડ થતો અટકે તે માટે ભૂગર્ભ ગટર જળ ને રિસાયકલીંગ કરી ઉદ્યાનો માટે આપવાની દિશામાં ઘણી બધી કામગીરી થઈ ગઈ છે. આમ થવાથી ૧૦ એમ.એલ.ડી. જેટલા જથ્થાનો વપરાશ ઘટશે તેમજ ફિલ્ટરેશન પ્લાન્ટની ક્ષમતા વધારવા માટેની કામગીરી પણ હાથ ધરી દેવામાં આવી છે.

ગુજરાત વોટર ઈન્ફ્રાસ્ટ્રકચર બોર્ડ પાસેથી નર્મદાનું ફિલ્ટર કરેલું પાણી હાલ નગરમાં સપ્લાય કરવામાં આવી રહ્યું છે. આ ઉપરાંત નગરજનોની માંગને પહોંચી વળવા માટે શહેરના વિવિધ સેકટરમાં બોર બનાવી તેમાંથી પાણી મેળવી આપવામાં આવે છે.

ડહોળા પાણીની ફરિયાદો પણ વધી છે તેમજ પાણીમાં ઘણીવાર બેસ્વાદ રહેતો હોવાની ફરિયાદો કયારેક કયારેક ઉઠી રહી છે.

કંપની સમાચાર

રોઝલેબ્સ બાયોસાયન્સે વિશ્વની સૌપ્રથમ આગવી સંયુક્ત પ્રી-ફિલ્ડ સિરીન્જ ઉત્પાદન સુવિધા સ્થાપી

● ભારતમાં આ પ્રકારની પ્રથમ સુવિધા જેણે પીએફએસ ફિલિંગની ૮ હરોળનું કમર્શિયલાઈઝેશન કર્યું છે, જેમાં પેપ્ટાઈડ, રિકોમ્બિનન્ટ, હોર્મોન્સ, બાયોટેક, ઓપ્થેલ્મિક અને અન્ય થેરાપ્યુટિક સેગ્મેન્ટ અનુસાર સમર્પિત અલગ અલગ હરોળ ધરાવે છે. આ ઉપરાંત તે સંપૂર્ણ ખાલી ઉપકરણોનું ઉત્પાદન પણ કરે છે. ● કંપનીને ડબલ્યુએચઓ-જીએમપી તરફથી મંજુરી મળી ગઈ છે અને વર્ષાત સુધીમાં ૩૫-૪૦ દેશોમાંથી નિયમનકારી મંજુરી મળવાની અપેક્ષા છે અને આ દિશામાં કંપની દ્વારા કામગીરી શરૂ કરી દેવાઈ છે. ● પીએફએસ માટે સ્થાનિક ઉપરાંત વૈશ્વિક બજારમાં વિપુલ તકો રહેલી છે - છેલ્લાં પાંચ વર્ષમાં તેની માંગમાં ૫૦ ટકાની વધુની વૃદ્ધિ જોવાઈ છે. ભારતની આશરે ૯૫ ટકા જેટલી માંગ આયાત દ્વારા સંતોષવામાં આવે છે. ● પ્રી-ફિલ્ડ સિરિન્જસ (પીએફએસ)ના બહુવિધ લાભો છે, જેમાં નિશ્ચિત જંતુરહિતતા, સલામત અને વધુ સગવડભરી, સમયની બચત, વધુ ચોકસાઈ, વધુ ડોઝની નહીવત શક્યતા, મેડિકલ વેસ્ટમાં ઘટાડો, ઈન્જેકશનની સોયના ભયમાંથી મુક્તિ અને અચાનક સોય વાગવાથી થતાં અકસ્માતમાંથી મુક્તિ જેવી બાબતોનો સમાવેશ થાય છે.

રોલઝેબ્સ ગ્રુપનો ભાગ, રાઝલેબ્સ બાયોસાયન્સ લિમિટેડ અને રોઝલેબ્સ પોલિમર્સ લિમિટેડ દ્વારા વિશ્વની સૌપ્રથમ અને આગવી એન્ડ-ટુ-એન્ડ પ્રી-ફિલ્ડ સિરિન્જિસ (પીએફએસ) ઉત્પાદન સુવિધાની સ્થાપના કરાઈ છે. અમદાવાદ નજીક સ્થપાયેલી આ આધુનિક સુવિધાની સ્થાપના માટે કંપનીએ રૂા. ૪૦૦ કરોડનું રોકાણ કર્યું છે. એક જ છત હેઠળ સંપૂર્ણ પીએફએસ સોલ્યુશન્સ પુરા પાડતી તે વિશ્વની બહુ જૂજ કંપનીઓ પૈકીની એક જ છે.

આ ચોમાસામાં આજીવન સાહસ સાથે પોતાને પડકારો

ચોમાસું બેસે એટલે ભદ્ર નદી નાવીન્યપૂર્ણ જોશ સાથે મઘમઘી ઊઠે છે. આ ચોમાસામાં વરસાદના અમીછાંટણા થાય અને ચિકમંગલૂરના કૉફીના મઘમઘાટમાં ગળાડૂબ થવા સાથે સવારી માણો. ધ સેરાઈ ભદ્ર નદી મારફત વ્હાઈટ વોટર રાફટિંગનું સાહસ તમારે માટે લઈને આવી છે, જે તમને સંપૂર્ણ નવી ઊંચાઈનો અહેસાસ કરાવશે. પશ્ચિમી ઘાટની પહાડીઓની પાર્શ્વભૂમાં ભદ્ર નદી વ્હાઈટ વોટર રાફટીંગ માટે આદર્શ સ્થળ આપે છે. તમે પડકારજનક જળમાંથી તમારો માર્ગ બનાવો ત્યારે આ નદી તમને કૉફીના પ્લાન્ટેશન, ઘન જંગલ અને બેજોડ ઝરૂખા વચ્ચેથી અદ્‌ભૂત પ્રવાસે લઈ જાય છે, જે સંપૂર્ણ નવો અનુભવ બની રહે છે.

ધ સેરાઈ તમને આજીવન યાદ રહી જાય તેવું આ સાહસ આપે છે, જ્યાં તમે કુટુંબ સાથે સમય વિતાવવા માગતો હો કે પહેલી જ વાર વ્હાઈટ વોટર રાફટિંગ અજમાવવાના હો કે અનુભવી રાફટર હો, બધી જ સ્થિતિ અનુરૂપ છે.

આઇટીઆઇ (ફાયરમેન) અભ્યાસક્રમમાં પ્રવેશનો પ્રારંભ

ગુજરાત સરકાર દ્વારા માન્યતા પ્રાપ્ત આઈટીઆઈ (ફાયરમેન) અને આઈટીઆઈનાં ધોરણ-૧૦ પછી એક વર્ષનાં કૉલેજ ઓફ ફાયર ટેકનોલોજી સંસ્થાના અભ્યાસક્રમમાં પ્રવેશ માટેનો આરંભ થયો છે.

કારકિર્દીના એક આકર્ષક વિકલ્પ તરીકે ઝડપથી ઉભરી ફાયરક્ષેત્રના આઈટીઆઈ અભ્યાસક્રમો ધો.૧૦ પછી વિદ્યાર્થીઓને કારકિર્દી અને રોજગારીની શ્રેષ્ઠ તક પુરી પાડે છે. ગુજરાતમાં અમદાવાદ જિલ્લામાં સાણંદ તાલુકાના ખોડા ગામે આવેલી કૉલેજ ઓફ ફાયર ટેકનોલોજી (સીએફટી) સંસ્થામાં આ અભ્યાસક્રમ ચાલે છે. ૧૦૦ ટકા પ્લેસમેન્ટનો રેકોર્ડ ધરાવતાં આ અભ્યાસક્રમોમાં ધો.૧૦ પછી પ્રવેશ મળે છે.

આઈટીઆઈના આ બંને અભ્યાસક્રમો કુલ એક વર્ષનાં છે.